સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

DEPARTMENT OF ANIMAL HUSBANDRY
પશુપાલન ખાતુ ગુજરાત રાજ્ય



# રાજ્ય સરકારની પશુપાલન ખાતાની સહાયકારી યોજનાઓ

## વર્ષ ૨૦૨૫-૨૬





રાજ્ય સરકારની

# પશુપાલન ખાતાની સહાયકારી યોજનાઓ

વર્ષ ૨૦૨૫-૨૬

# વિધુત સંચાલિત ચાફકટર માટે સહાય

(ખેડુતો/ પશુપાલકો માટે)

### હેતુ

ખેડૂત-પશુપાલકો પોતાના પશુઓને ચાફકટરથી ચાફીંગ કરેલો લીલો-સુકોચારો આપતાં નીરણનો બચાવ કરી શકે છે.

### લાયકાત

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાન્ય જાતિ અને બક્ષીપંચના ખેડુતો/પશુપાલકો

### યોજનાનો લાભ

ખરીદ કિંમતનાં ૭૫% સહાય, અથવા મહત્તમ ₹૧૮,000, બે માંથી જે ઓછુ હોય તે

### યોજનાની અરજી પદ્ધતિ

ikhedut portal પર ઓન લાઈન અરજી

### અમલીકરણ સંસ્થા

જિલ્લા પશુપાલન અધિકારી

### અન્ય શરતો

૧. ખેડૂત-પશુપાલક ૫ (પાંચ) કે તેથી વધુ પશુઓ ધરાવતો હોવા જોઈએ અને લાઈટ કનેક્શન ધરાવતા હોવા જોઈએ.



# કેટલશેડ બાંધકામ, ગમાણ, પાણીની ટાંકી તથા ડોલ માટે સહાય

## હેતુ

પશુપાલકો પાસે પોતાના પશુઓ બાંધવા માટે અને તેમને રક્ષણ આપવા માટે કોંઢ (કેટલશેડ)ની સગવડતા ઉભી કરવી.



## લાયકાત

અનુસુચિત જાતિના ખેડુતો-પશુપાલકો

## યોજનાનો લાભ

મુળ ખર્ચનાં ૭૫% સહાય અથવા
મહત્તમ ₹30,000, બે માંથી જે ઓછુ હોય તે

## યોજનાની અરજી પદ્ધતિ

Ikhedut portal પર ઓન લાઈન અરજી

## અમલીકરણ સંસ્થા

નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાની કચેરી

## અન્ય શરતો

1. જે ખેડૂત-પશુપાલકો ૨(બે) કે તેથી વધુ પશુઓ રાખતા હોય તેને જ આ યોજનાનો લાભ મળી શકે છે.
2. માલિકીની જમીન/દસ (૧૦) વર્ષ કે તેથી વધુ સમય માટે ભાડા પટ્ટે લીધેલ જમીન અંગેનું કરારનામુ રજુ કરવાનુ રહેશે.

# ઘાસચારા બિયારણ મીનીકીટસ

## (ખેડુતો/ પશુપાલકો માટે)

### હેતુ

પશુઓને સારો તથા ગુણવતાયુક્ત ચારો મળી રહે તે માટે ખેતરમાં ચારા પાકનું વાવેતર કરવા તથા તેનું નિદર્શન કરી ઘાસચારાનું ઉત્પાદન વધારવા ઘાસચારા મીનીકીટસ પુરા પાડવામાં આવે છે.

### લાયકાત

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાન્ય જાતિ અને બક્ષીપંચના ખેડુતો/પશુપાલકો

### યોજનાનો લાભ

વિના મુલ્યે



### યોજનાની અરજી પદ્ધતિ

Ikhedut portal પર ઓન લાઈન અરજી

### અમલીકરણ સંસ્થા

જિલ્લા પશુપાલન અધિકારી તથા

નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાની કચેરી

### અન્ય શરતો

1. ખેડૂત પોતાની જમીન ધરાવતો હોવો જોઈએ અથવા એક વર્ષ કે તેથી વધુ સમય માટે ભાડા પટ્ટે લીધેલ જમીન હોવી જોઈએ.
2. ખેડૂત-પશુપાલક પશુ ધરાવતો હોવો જોઈએ.
3. જાતિ અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો રજુ કરવાનો રહેશે.

# ચાફ કટર

## (ઓપરેટેડ બાય એંજીન/ઇલે. મોટર, પાવર ટીલર, ટ્રેક્ટર)

## આપવા માટેની સહાયની યોજના (ખેડુતો માટે)

### હેતુ

ખેડૂત-પશુપાલકો પોતાના પશુઓને ચાફકટરથી ચાફીંગ કરેલો લીલો-સુકોચારો આપતાં નીરણનો બચાવ કરી શકે છે.

### લાયકાત

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાન્ય જાતિ અને બક્ષીપંચના ખેડુતો

### યોજનાનો લાભ

ખરીદ કિંમતનાં ૭૫% સહાય, અથવા મહત્તમ ₹૪૨,000, બે માંથી જે ઓછુ હોય તે

### યોજનાની અરજી પદ્ધતિ

Ikhedut portal પર ઓન લાઈન અરજી

### અમલીકરણ સંસ્થા

જિલ્લા પશુપાલન અધિકારી

### અન્ય શરતો

સરકારશ્રી દ્વારા એમપેનલમેંટ કરેલ ઉત્પાદકના અધિકૃત વિક્રેતા પાસેથી અથવા સબ-મિશન ઓન એગ્રીકલ્ચર મિકેનાઝેશન (SMAM) ઓપરેશનલ ગાઇડલાઇન અનુસાર



# ૧ થી ૨૦ દેશી દૂધાળા પશુ (ગાય અને ભેંસ)ના એકમની સ્થાપના માટે વ્યાજ સહાયની યોજના

## હેતુ

પશુપાલકો સરળતાથી પશુઓ ખરીદ કરી પશુપાલન વ્યવસાય અપનાવી આર્થિક રીતે પગભર થઇ શકે તે માટે પશુઓની ખરીદી પર બેન્ક લોન સામે વ્યાજની સહાય આપી તેમના સામાજીક અને કુટુંબના શૈક્ષણિક સ્તરમાં પણ સુધારો લાવવો.

## લાયકાત

તમામ પશુપાલકો

## યોજનાનો લાભ

૧ થી ૨૦ દેશી દૂધાળા પશુ (ગાય અને ભેંસ) એકમની સ્થાપના માટે બેન્ક લોન ઉપર મહત્તમ વાર્ષિક ૧૨% વ્યાજ સહાય



## યોજનાની અરજી પદ્ધતિ

બેન્ક દ્વારા ધિરાણ મેળવ્યા બાદ ikhedut portal પર ઓન લાઇન અરજી કરવી

## અમલીકરણ સંસ્થા

જે તે જિલ્લાના નાયબ/મદદનીશ પશુપાલન નિયામક (જિલ્લા પંચાયત)

## અન્ય શરતો

1. લાભાર્થીને રાષ્ટ્રીયકૃત બેન્ક અથવા ભારતીય રીઝર્વ બેન્ક દ્વારા માન્ય નાણાકીય સંસ્થા મારફતે એકમ સ્થાપવા માટે લોન આપવામાં આવેલ હોઇ તો જ સહાયને પાત્ર રહેશે.
2. આ યોજના હેઠળ પશુપાલકે પશુ એકમ ૫ (પાંચ) વર્ષની મુદત સુધી નિભાવવાનુ રહેશે. આ ૫ (પાંચ) વર્ષની મુદત દરમ્યાન પશુ મૃત્યુ પામે તો લાભાર્થીએ સ્વ ખર્ચે કે વીમાની રકમમાંથી કે બેન્કમાંથી ધિરાણ મેળવીને નવુ પશુ ખરીદી મુળ પશુ એકમ યથાવત રાખી પશુપાલન કરવાનુ રહેશે. આ અંગે સરકારશ્રી દ્વારા કોઇ વધારાની સહાય મળવાપાત્ર થશે નહી.

# સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના

## હેતુ

ગ્રામ્ય કક્ષાએ પશુપાલન વ્યવસાયને આગવું મહત્વ આપી, પશુપાલનને ગ્રામ્ય રોજગારીનો આધારસ્તંભ બનાવી ખેડૂતોની આવક બમણી કરવા માટે નાણાંકીય પ્રોત્સાહન થકી પશુપાલન વ્યવસાયને ગ્રામ્ય કક્ષાએ વધુ વેગ આપવો

## લાયકાત

તમામ પશુપાલકો તથા સ્વ સહાય જૂથને પણ મળવાપાત્ર થશે.

## યોજનાનો લાભ

1. ૧૨ દુધાળા પશુઓની ખરીદી માટે મેળવેલ બેંક ધિરાણ પર ૫ (પાંચ) વર્ષ સુધી સામાન્ય કેટેગરીના લાભાર્થીઓને ૭.૫ % વ્યાજ સહાય, તથા મહિલા, (અનુ.જાતિ) અને (અનુ.)જનજાતિના લાભાર્થીઓને ૮.૫% વ્યાજ સહાય, ગીર / કાંકરેજ માટે મહત્તમ ૧૨ % વ્યાજ સહાય
2. કેટલશેડના બાંધકામ પર ૫૦ % મહત્તમ ₹૧.૫૦ લાખ સહાય, ગીર / કાંકરેજ માટે ૭૫% મહત્તમ ₹ ૨.૨૫ લાખ સહાય
3. પશુઓના સળંગ ત્રણ વર્ષના વિમાના પ્રિમિયમ પર ૭૫ % મહત્તમ ₹૪૩,૨૦૦ની સહાય, ગીર / કાંકરેજ પર ૯૦ % મહત્તમ ₹૫૧,૮૪૦ સહાય
4. ઇલેક્ટ્રિક ચાફકટર, ફોગર સીસ્ટમ અને મિલ્કીંગ મશીન પર યુનિટ કોસ્ટના ૭૫% લેખે અનુક્રમે મહત્તમ ₹૧૮,૦૦૦, ₹૯,૦૦૦, અને ₹૩૩,૭૫૦ સહાય; ગીર / કાંકરેજ માટે યુનિટ કોસ્ટના ૯૦% લેખે અનુક્રમે મહત્તમ ₹૨૧,૬૦૦, ₹૧૦,૮૦૦ અને ₹૪૦,૫૦૦ સહાય

## યોજનાની અરજી પદ્ધતિ

રિઝર્વ બેંક માન્ય નાણાકીય સંસ્થા / બેંક પાસેથી ૧૨ દુધાળા પશુઓની ખરીદી માટે ધિરાણ મંજુર કરાવ્યા બાદ Ikhedut  portal પર અરજી કરવી

## અમલીકરણ સંસ્થા

ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. આણંદ / નાયબ પશુપાલન નિયામકની કચેરી, જિલ્લા પંચાયત

## અન્ય શરતો

1. પશુખરીદી માટે રિઝર્વ બેંક માન્ય નાણાકીય સંસ્થા / બેંક પાસેથી ધિરાણ મેળવેલ હોવું જોઇએ
2. પોતાની માલિકીની / ભોગવટાની / લીઝ ઉપર જમીન મેળવેલ હોવી જોઇએ.
3. નિયત થયેલ શરતો મુજબનું બાંધકામ તથા સાધનોની ખરીદી થયેલ હોવી જોઇએ તથા તમામ શરતોનું પાલન થતું હોવું જોઇએ.



# પશુપાલન થકી સ્વરોજગારી હેતુસર ૫૦ દૂધાળા પશુઓ (કાંકરેજ અને ગીર ગાય)ના ફાર્મ સ્થાપના પર સહાયની યોજના

## હેતુ

ગ્રામ્ય કક્ષાએ મોટા પાયે પશુપાલન વ્યવસાયને આગવું મહત્વ આપી, પશુપાલનને ગ્રામ્ય રોજગારીનો આધારસ્તંભ બનાવી ખેડૂતોની આવક બમણી કરવા માટે નાણાકીય પ્રોત્સાહન થકી પશુપાલન વ્યવસાયને ગ્રામ્ય કક્ષાએ વધુ વેગ આપવો.

## લાયકાત

તમામ પશુપાલકો તથા સ્વ સહાય જૂથને લાભ મળવાપાત્ર થશે.

## યોજનાનો લાભ

1. ૫૦ દૂધાળા પશુઓની ખરીદી માટે મેળવેલ બેંક ધિરાણ પર ૫ (પાંચ) વર્ષ સુધી લાભાર્થીઓને ૭.૫% વ્યાજ સહાય, કેટલશેડના બાંધકામ પર ૫૦% મહત્તમ ₹૫ લાખ સહાય



2. પશુઓના સળંગ ત્રણ વર્ષના વિમાના પ્રિમિયમ પર ૭૫% મહત્તમ ₹૧,૮૦,000 ની સહાય
3. ઇલેક્ટ્રિક ચાફકટર, ફોગર સીસ્ટમ અને મિલ્કીંગ મશીન પર યુનિટ કોસ્ટના ૭૫% લેખે અનુક્રમે મહત્તમ ₹30,000, ₹૨૨,૫00, અને ₹૫૬,૨૫0 સહાય

## યોજનાની અરજી પદ્ધતિ

રિઝર્વ બેંક માન્ય નાણાકીય સંસ્થા / બેંક પાસેથી ૫0 દૂધાળા પશુઓ (કાંકરેજ અને ગીર ગાય)ની ખરીદી માટે ધિરાણ મંજુર કરાવ્યા બાદ Ikhedut portal પર અરજી કરવી

## અમલીકરણ સંસ્થા

ગુજરાત કો-ઓપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. આણંદ / નાયબ પશુપાલન નિયામકની કચેરી, જિલ્લા પંચાયત

## અન્ય શરતો

- પશુખરીદી માટે રિઝર્વ બેંક માન્ય નાણાંકીય સંસ્થા / બેંક પાસેથી ધિરાણ મેળવેલ હોવું જોઇએ
- પોતાની માલિકીની / ભોગવટાની / લીઝ ઉપર જમીન મેળવેલ હોવી જોઇએ.
- નિયત થયેલ શરતો મુજબનું બાંધકામ તથા સાધનોની ખરીદી થયેલ હોવી જોઇએ તથા તમામ શરતોનું પાલન થતું હોવું જોઇએ.



# રાજ્યવ્યાપી સઘન ખસીકરણ યોજના

## હેતુ

ઉત્પાદકતા વધારવા માટે ઓછી આનુવંશિકતા ધરાવતા નર પશુઓ થકી થતા બિનજરૂરી સંવર્ધન અટકાવવું.

ઉચ્ચ ગુણવતા ધરાવતા સીમેન ડોઝ થકી પશુ સંવર્ધન ને વેગ આપી ઓલાદ સુધારણા થશે.

## લાયકાત

તમામ પશુપાલકો તથા સંસ્થાઓ ગૌશાળા, પાંજરાપોળ અને પશુપાલન સાથે સંકળાયેલ અન્ય સંસ્થાઓ

## યોજનાનો લાભ

I-khedut Portal પર ઓનલાઇન અરજી કર્યેથી ₹૫૦૦ની સહાય

## યોજનાની અરજી પદ્ધતિ

I-khedut Portal પર ઓનલાઇન અરજી



## અમલીકરણ સંસ્થા

જિલ્લા વેટરીનરી પોલિક્લિનિક

## અન્ય શરતો

1. નર વાછરડાનું ભારત પશુધન પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
2. પશુધન નિરીક્ષક / પશુચિકિત્સા અધિકારી પાસે નર વાછરડાનુ કલોઝ મેથડથી (Bardizo Castrator) / ઓપન મેથડ (Surgical method) થી ખસીકરણ કરાવવાનું રહેશે.
3. ખસીકરણ કરાવ્યા અંગેના પશુચિક્ત્સા અધિકારીશ્રીના પ્રમાણપત્ર સહિત તમામ સાધનિક કાગળો સાથે દાવો રજુ કરવાનો રહેશે

# બકરાં એકમ ૧૦+૧ની સ્થાપના માટે સહાય

### હેતુ

અનુસૂચિત જાતિના લાભાર્થીઓ, અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ, જનરલ કેટેગરીના લાભાર્થીઓનું બકરાંપાલન વ્યવસાય દ્વારા જીવન ધોરણ ઉંચુ લાવવું.

### લાયકાત

યોજનાના ઢાંચા મુજબ અનુસૂચિત જાતિના લાભાર્થીઓ, અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ, જનરલ કેટેગરીના લાભાર્થીઓ

### યોજનાનો લાભ

એકમ કિંમતના ૫૦% અથવા  મહત્તમ ₹૭૦,૦૦૦ સહાય



### યોજનાની અરજી પદ્ધતિ

ikhedut portal પર ઓનલાઇન અરજી

### અમલીકરણ સંસ્થા

નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયત

### અન્ય શરતો

1. જાતિનો દાખલો - સક્ષમ અધિકારી દ્વારા (અનુસૂચિત જાતિ  અને અનુસૂચિત જનજાતિના માટે)
2. બકરાં બાંધવાની જગ્યા, ખોરાક, પાણી અને ખાણદાણની વ્યવસ્થા લાભાર્થીએ કરવાની રહેશે.
3. લાભાર્થી અરજદાર જો દિવ્યાંગ/અતિ પછાત વર્ગના હોય તો તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.
4. એક કુટુંબના એકજ સભ્ય આજીવન એક જ વખત લાભ મેળવી શકશે.

# પશુપાલકોના ગાભણ પશુઓને ખાણદાણ સહાય

## હેતુ

પશુપાલકોના ગાભણ પશુઓની તંદુરસ્તી જળવાઇ રહે તેમજ ગર્ભમાં રહેલ બચ્ચાંનો યોગ્ય વિકાસ થાય અને સ્વાસ્થ્ય ક્ષમતા મુજબ દૂધ ઉત્પાદન મેળવી શકાય, તેમજ ઉત્પાદન શકિત જળવાઇ રહે.



## લાયકાત

તમામ પશુપાલકો

## યોજનાનો લાભ

લાભાર્થી દીઠ કુલ ૧૫૦ કિ.ગ્રા ખાણદાણ માટે ૧૦૦% લેખે સહાય

## યોજનાની અરજી પદ્ધતિ

ikhedut portal પર ઓન લાઈન અરજી

## અમલીકરણ સંસ્થા

નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુસુધારણા યોજનાની કચેરી

## અન્ય શરતો

1. પશુપાલક(કુટુંબ) દીઠ પ્રતિ વર્ષ એક ગાભણ પશુ માટે યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.
2. લાભાર્થીને જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા ઉત્પાદિત થયેલ ખાણદાણ વિતરણ કરવામાં આવશે.

# પશુપાલકોના પશુઓ (ગાય/ભેંસ)ના વિયાણ બાદ ખાણદાણ સહાય યોજના

## હેતુ

પશુના વિયાણ બાદના એક માસ દરમ્યાન ચયાપચય સંબંધિત ઉદભવતી પરિસ્થિતીના નિયંત્રણ માટે સમતોલ આહાર તરીકે દાણ જરૂરી છે. સમતોલ દાણથી વિયાણ સમય બાદ થતા રોગો અટકાવી શકાય છે અને દૂધ ઉત્પાદનમાં વધારો થાય છે. આ સમય દરમ્યાન પશુને યોગ્ય સમતોલ આહાર અને માવજતની ખાસ જરૂર છે.



## લાયકાત

તમામ પશુપાલકો

## યોજનાનો લાભ

લાભાર્થી દીઠ કુલ ૧૫૦ કિ.ગ્રા. ખાણદાણ માટે ૧૦૦% લેખે સહાય

## યોજનાની અરજી પદ્ધતિ

ikhedut potal પર ઓનલાઇન અરજી

## અમલીકરણ સંસ્થા

જિલ્લા પશુપાલન નિયામક, જિલ્લા પંચાયત

## અન્ય શરતો

1. પશુપાલક (કુટુંબ) દીઠ એક પશુના વિયાણ પર વર્ષમાં એક વખત
2. લાભાર્થીને જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા ઉત્પાદિત થયેલ ખાણદાણ વિતરણ કરવામાં આવશે.

# દૂધઘર/ ગોડાઉન બાંધકામ માટે સહાય

## હેતુ

દૂધ મંડળી ખાતે આધુનિક ઢબે દૂધ સંપાદન થાય અને તે માટેના સાધનો મશીનરી વિગેરે સ્થાપિત કરી શકાય તેમજ પશુઓ માટેનો આહાર સંગ્રહી શકાય તથા સવાર સાંજ દૂધ સંપાદન માટેનો પુરતો અવકાશ રહે તેવું આદર્શ દૂધઘર/ ગોડાઉન ઉભું કરવું

## લાયકાત

રાજ્યની તમામ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી





## યોજનાનો લાભ

એકમ કિંમતના ૫૦% સહાય અથવા  મહતમ ₹૫,00,000, બે માંથી જે ઓછુ હોય તે

## યોજનાની અરજી પદ્ધતિ

ikhedut portal પર ઓન લાઈન અરજી

## અમલીકરણ સંસ્થા

જિલ્લા પશુપાલન અધિકારી, જિલ્લા પંચાયત

## અન્ય શરતો

1. સંબંધિત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનું પ્રમાણપત્ર/ દાખલો
2. દૂધઘર/ગોડાઉન માટે જરૂરી જમીનનો આધાર
3. આજીવન એકજ વખત લાભ મેળવી શકાશે.

# મરઘાં પાલન તાલીમ સ્ટાઇપેન્ડ અને
# ૨૫ આર.આઇ.આર/કડકનાથ પક્ષી એકમ સહાય

### હેતુ

અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પુરક રોજગારી પુરી પાડવી

### લાયકાત

અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકો

### યોજનાનો લાભ

તાલીમ સ્ટાઇપેન્ડ પેટે મહતમ ₹૨,000 તથા ૨૫ આર. આઇ. આર/કડકનાથ પક્ષી એકમ અને ૬0 થી ૭0 કિ.ગ્રા. મરઘાં આહાર



### યોજનાની અરજી પદ્ધતિ

ikhedut portal પર ઓન લાઈન અરજી

### અમલીકરણ સંસ્થા

ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર

### અન્ય શરતો

1. એક કુટુંબના એક સભ્યને આજીવન એક જ વખત લાભ મળવાપાત્ર રહેશે.
2. લાભાર્થીએ જાતિનો દાખલો(લાગુ પડતુ હોય તો) સક્ષમ અધિકારી દ્વારા પુરો પાડવાનો રહેશે.
3. આવકનો દાખલો (આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે)
4. લાભાર્થીએ જે-તે નાણાકીય વર્ષમાં મરઘા પાલનની તાલીમ મેળવેલ હોવી જોઇએ
5. આ તાલીમ લીધેલ લાભાર્થીને ૬ થી ૮ અઠવાડીયાના ઉછેરેલ ૨૫ આર. આઇ. આર/ કડકનાથના પક્ષીતથા ગ્રોવરમેશ (મરઘાં આહાર) આપવામાં આવશે જ્યારે રાત્રિ રક્ષણ માટે ખુડો કે વાંસનો ટોપલો અને ખોરાક પાણીના સાધનો લાભાર્થીએ લાવવાના રહેશે.
6. ૨૫ આર. આઇ. આર /કડકનાથ પક્ષીનુ એકમ સામાન્ય સંજોગોમાં ૨ વર્ષ માટે નિભાવવાનુ રહેશે.

# મરઘાં પાલન તાલીમ સ્ટાઇપેન્ડ અને ૪૦ આર. આઇ. આર પક્ષી એકમ સહાય

## હેતુ

રાજયના દિવ્યાંગ લાભાર્થીઓને પુરક રોજગારી પુરી પાડવી

## લાયકાત

રાજયના દિવ્યાંગ લાભાર્થીઓ

## યોજનાનો લાભ

તાલીમ સ્ટાઇપેન્ડ પેટે મહતમ ₹૨,000 તથા ૪0 આર.આઇ.આર પક્ષી એકમ અને ૧૩0 કિ.ગ્રા. મરઘાં આહાર



## યોજનાની અરજી પદ્ધતિ

ikhedut portal પર ઓન લાઈન અરજી

## અમલીકરણ સંસ્થા

ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર

## અન્ય શરતો

1. આ યોજનાનો લાભ ગુજરાત રાજ્યના દિવ્યાંગ વર્ગના લાભાર્થીને જ મળવાપાત્ર રહેશે. તથા એક કુટુંબના એક સભ્યને આજીવન એક જ વખત લાભ મળવાપાત્ર રહેશે.
2. દિવ્યાંગ અંગેનો દાખલો સક્ષમ અધિકારી દ્વારા
3. લાભાર્થી એ જે તે નાણાકીય વર્ષમાં મરઘાં પાલનની તાલીમ મેળવેલ હોવી જોઇએ.
4. આ યોજના હેઠળ લાભાર્થીને ૬ થી ૮ અઠવાડીયાના ઉછેરેલ ૪0 આર.આઇ.આર પક્ષી તથા ગ્રોવરમેશ (મરઘાં આહાર) આપવામાં આવશે જ્યારે રાત્રિ રક્ષણ માટે ખુડો કે વાંસનો ટોપલો અને ખોરાક પાણીના સાધનો લાભાર્થીએ લાવવાના રહેશે.
5. ૪0 આર.આઇ.આર પક્ષીનુ એકમ સામાન્ય સંજોગોમાં ૨ વર્ષ માટે નિભાવવાનુ રહેશે.

# ૧૦૦ બ્રોઈલર પક્ષી ફાર્મની સ્થાપના માટે સહાય

### હેતુ

અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિના લોકોને પુરક રોજગારી પુરી પાડવી

### લાયકાત

અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિના લોકો.



### યોજનાનો લાભ

એકમ કિંમતના ૭૫% અથવા મહતમ ₹ 39,000 સહાય

### યોજનાની અરજી પદ્ધતિ

ikhedut portal પર ઓન લાઈન અરજી

### અમલીકરણ સંસ્થા

ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર

### અન્ય શરતો

- એક કુટુંબના એક જ સભ્યને આજીવન એક જ વખત  લાભ મળવાપાત્ર રહેશે.
- લાભાર્થીએ જાતિ અંગેના  પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરવાના રહેશે
- લાભાર્થીએ ચાલુ વર્ષે અથવા અગાઉના વર્ષમાં કોઇપણ સંસ્થામાંથી  મરઘા પાલનની તાલીમ મેળવેલ હોવી જોઇએ
- લાભાર્થી પોતાની માલિકીની જમીન (૭-૧૨ અને ૮-અ), વારસાઇ હક્ક અથવા ભોગવટાની જમીનના આધાર પુરાવા રજુ કરવાના રહેશે. તદુપરાંત લાભાર્થી જમીન ધરાવતા ન હોય તો ભાડાની જમીન ઓછામાં ઓછા ૫ વર્ષના ભાડા કરારવાળી જમીન ઉપર ૧૦૦ ચોરસ ફુટનુ ક્ષેત્રફળ ધરાવતો મરઘાં ફાર્મ શેડનું બાંધકામ કરવાનું રહેશે.
- લાભાર્થીએ ૧૦૦  બ્રોઇલર પક્ષીના બચ્ચાં, જરૂરી મરઘા આહાર, ખોરાક તથા પાણીના સાધનો લાવવાના રહેશે.
- ૧૦૦ બ્રોઇલર પક્ષીનુ એકમ સામાન્ય સંજોગોમાં ૨ વર્ષ માટે નિભાવવાનુ રહેશે.

# ૧૦૦૦ બ્રોઈલર પક્ષી ફાર્મની સ્થાપના માટે સહાય

## હેતુ

અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ તેમજ સામાન્ય જાતિના લોકોને પુરક રોજગારી પુરી પાડવી

## લાયકાત

અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ તેમજ સામાન્ય જાતિના લોકો

## યોજનાનો લાભ

અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિના લાભાર્થીઓ માટે એકમ કિંમતના ૮૦% લેખે મહતમ ₹૮,૧૫,૦૦૦ સહાય તેમજ સામાન્ય જાતિના લાભાર્થીઓ માટે એકમ કિંમતના ૭૫% લેખે મહતમ ₹૬,૭૮,૫૦૦ સહાય

## યોજનાની અરજી પદ્ધતિ

ikhedut portal પર ઓન લાઈન અરજી

## અમલીકરણ સંસ્થા

ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર

## અન્ય શરતો

- એક કુટુંબના એક જ સભ્યને આજીવન એક જ વખત  લાભ મળવાપાત્ર રહેશે.
- લાભાર્થીના કુટુંબના કોઇ પણ સભ્ય દ્વારા આ અગાઉ સરકારશ્રીની અન્ય સમાન પ્રકારની કોઇ પણ યોજનામાંથી લાભ મેળવેલ હોય તો આ યોજના હેઠળ લાભ મેળવવા માટે પાત્ર ગણી શકાશે નહિ.

- લાભાર્થીએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્ર(લાગુ પડતુ હોય તો)અરજી સાથે રજુ કરવાના રહેશે.
- ઉક્ત યોજનાનો લાભ ફક્ત નવા મરઘાં ફાર્મની સ્થાપના માટેજ આપવાનો થયો હોય અગાઉ અનાવેલ અથવા જુના મરઘાં ફાર્મ શેડનું બાંધકામ માન્ય રાખવામાં આવશે નહિ.
- લાભાર્થી એ ૧૫૦૦ ચો.ફુ. ક્ષેત્રફળ ધરાવતા મરઘાં ફાર્મ ના શેડનું નવું બાંધકામ ઘટક ના અધિકારીની સુચના મુજબનું તૈયાર કરવાનું રહેશે.
- લાભાર્થી એ કોઇપણ સંસ્થામાંથી  મરઘા પાલન વ્યવસાય અંગેની તાલીમ મેળવેલ હોવી જોઇએ
- ૧૦૦૦ બ્રોઇલર પક્ષીનુ એકમ લાભાર્થીએ ઓછામાં ઓછા ત્રણ (૩) વર્ષ માટે નિભાવવાનુ રહેશે.



# રાજ્યમાં શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડના વિતરણ સમારોહનું આયોજન

## હેતુ

રાજ્યમાં પશુપાલન ક્ષેત્રે પશુપોષણ, પશુ સંવર્ધન, પશુ રહેઠાણ, પશુ આરોગ્ય જેવા પશુપાલનના મહત્વના પાસાઓને આવરી લઇ આધુનિક સંશોધનોનો ઉપયોગ કરીને પશુપાલન વ્યવસાયને આદર્શ અને નફાકારક બનાવનાર પશુપાલકોને પ્રોત્સાહન આપવું અને તેમાંથી પ્રેરણા મેળવી અન્ય પશુપાલકો પણ આ રીતે પશુપાલન વ્યવસાય કરવા પ્રેરાય તેવો છે.

## લાયકાત

રાજયના વ્યકિતગત પશુપાલકો દ્વારા પશુપાલન ક્ષેત્રમાં કરવામાં આવેલ નોંધપાત્ર કામગીરી સંદર્ભે પશુપાલક દરખાસ્ત કરી શકે છે. અગાઉના ત્રણ વર્ષોમાં વિજેતા થયેલ પશુપાલક અરજી કરી શકશે નહીં.

## યોજનાનો લાભ

આ યોજના હેઠળ નીચે મુજબ રાજ્ય કક્ષાના ત્રણ, દરેક જિલ્લા કક્ષાના બે-બે અને દરેક તાલુકા કક્ષાના બે-બે એમ રાજ્યના કુલ ૫૭૫ શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કાર આપવામાં આવે છે.

રાજ્ય કક્ષા પ્રથમ પુરસ્કાર ₹૧,00,000

રાજ્ય કક્ષા દ્વિતીય પુરસ્કાર ₹૫૧,000

રાજ્ય કક્ષા તૃતીય પુરસ્કાર ₹૩૧,000

જિલ્લા કક્ષા પ્રથમ પુરસ્કાર ₹૨૫,000

જિલ્લા કક્ષા દ્વિતીય પુરસ્કાર ₹૨0,000

તાલુકા કક્ષા પ્રથમ પુરસ્કાર ₹૨0,000

તાલુકા કક્ષા દ્વિતીય પુરસ્કાર ₹૧0,000

## યોજનાની અરજી પદ્ધતિ

ikhedut portal પર ઓન લાઈન અરજી

## અમલીકરણ સંસ્થા

ikhedut portal પર ઓન લાઈન અરજી કરી જરૂરી દસ્તાવેજી કાગળો, ફોટા અને વિડીયો કલીપ સહીત સમયમર્યાદામાં આ દરખાસ્ત યોજનાના પરિપત્રમાં દર્શાવેલ શરતોને આધીન સંપૂર્ણ ભરી નિયત કરેલી કચેરીએ પહોચાડવાની રહે છે. ત્યારબાદ નિયત કરવામાં આવેલ કમિટીઓ દ્વારા સ્કુટીની તથા વિજેતા પસંદગીની કામગીરી વિવિધ કક્ષાની કમિટી કરે છે.

## અન્ય શરતો

સંબંધિત જિલ્લાના ઘનિષ્ઠ પશુ સુધારણા એકમ દ્વારા સંબંધિત વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકના નિયંત્રણ હેઠળ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે.









# સમગ્ર રાજ્યમાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહક યોજના

### હેતુ

રાજ્યની દેશી ઓલાદની ગીર તથા કાંકરેજ ગાયોની સંખ્યાને નામશેષ થતી અટકાવી તેમાં વધારો કરી યોગ્ય જાળવણી કરવાનો છે.

### લાયકાત

ગુજરાત રાજ્યમાં પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ તમામ પશુપાલકો

### યોજનાનો લાભ

રાજ્યના પશુપાલકોને તેમની પોતાની દેશી (ગાય)માં કૃત્રિમ બીજદાન દ્વારા શુદ્ધ દેશી ઓલાદની વાછરડીનાં જન્મ થયેથી ₹3000 રોકડ સહાય સ્વરૂપે

### યોજનાની અરજી પદ્ધતિ

ikhedut portal પર ઓન લાઇન નોંધણી/પશુ દવાખાનાના પશુચિકિત્સા અધિકારીનો સંપર્ક કરવો

### અમલીકરણ સંસ્થા

સબંધિત જિલ્લાના નાયબ પશુપાલન નિયામકશ્રી/મદદનીશ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત અમલીકરણ અધિકારી રહેશે.

## અન્ય શરતો

1. શુદ્ધ સંવર્ધન દ્વારા કૃત્રિમ બીજદાનથી વાછરડી જન્મેલ હોય તો પશુપાલકે ikhedut portal પર ઓન લાઇન અરજી કરવાની રહેશે.
2. અરજીની તારીખે વાછરડીની ઉંમર ૧૧ માસથી વધુ ન હોવી જોઈએ.
3. કૃત્રિમ બીજદાન કર્યા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. પ્રમાણપત્રમાં કૃત્રિમ બીજદાન માટે વપરાયેલ ડોઝની વિગતો પણ જણાવવાની રહેશે.
4. લાભાર્થી પશુપાલકે અરજી પત્રક મંજૂરી અર્થે સંબંધિત કચેરી (તાલુકા/શાખા પશુદવાખાના) એ રજુ કરશે.
5. આ યોજનાનો લાભ કુટુંબ દીઠ એક જ પશુપાલકને વર્ષમાં એક જ વાછરડી માટે એક જ વાર મળવાપાત્ર રહેશે.
6. અરજી પત્રક સાથે રજુ કરવાના દાખલા-પ્રમાણપત્રો
    - અ. બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક (આધાર લિન્કડ બેંક એકાઉન્ટ)
    - બ. બારકોડેડ રેશનકાર્ડ
    - ક. કૃત્રિમ બીજદાન કરનાર સંસ્થાનું 'પત્રક' મુજબનું પ્રમાણપત્ર
    - ડ. આધારકાર્ડની નકલ
    - ઈ. સક્ષમ અધિકારીનું દિવ્યાંગ અંગેના પ્રમાણપત્રની નકલ (ફક્ત દિવ્યાંગ પશુપાલકો માટે)



# હળપતિ સમાજના કુટુંબ તેમ જ FRA પટ્ટા ધરાવતા તમામ આદિવાસી કુટુંબ માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજના

## હેતુ

હળપતિ સમાજના કુટુંબ તેમ જ FRA પટ્ટા ધરાવતા તમામ આદિવાસી કુટુંબ પશુપાલન થકી આવક મેળવી પોતાની આજીવિકામાં વધારો કરી શકે.

## લાયકાત

હળપતિ સમાજના કુટુંબ તેમ જ FRA પટ્ટા ધરાવતા તમામ આદિવાસી કુટુંબ

## યોજનાનો લાભ

યુનિટ-(૧) કેટલ શેડ (₹30,000) + પશુ માટે ખાણ દાણ ૧૫૦ કિગ્રા. (₹૪000)+ બિયારણ મીનીકીટ્સ (₹૭00) = કુલ ₹3૪૭00 સહાય

યુનિટ-(૨) બકરાં એકમ (૫+૧)સ્થાપના સહાય = ₹૫0,૪00 સહાય

યુનિટ- (3) મરઘા પાલન તાલીમ (સ્ટાઇપેન્ડ ₹૨000) તથા ૧00 બ્રોઇલર પક્ષી એકમ ₹3૬,000 સહાય) = કુલ ₹3૮,000 સહાય

## યોજનાની અરજી પદ્ધતિ

યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીએ ઓનલાઇન અથવા નજીકના ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ખાતે ભૌતિક રીતે અરજી કરવાની રહેશે.

## અમલીકરણ સંસ્થા

ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર

## અન્ય શરતો

- બારકોડેડ રેશન કાર્ડની નકલ (અરજી સાથે રજુ કરવું)
- જન્મ તારીખ સાથેના સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્ર ની નકલ (આધાર કાર્ડ/ મતદાર ઓળખકાર્ડ/ડ્રાઇવીંગ લાઇસન્સ / પાર્સ પોર્ટ)
- બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક
- આધાર કાર્ડની નકલ
- અનુસુચિત જનજાતિ (હળપતિ સમાજ અને FRA પટ્ટા ધારક કુટંબ) અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણ પત્ર
- પોતાની માલિકીની જમીન ના (૭-૧૨ અને ૮-અ), વારસાઇ હક્ક અથવા ભોગવટાની જમીનના આધાર પુરાવા / જો લાભાર્થી જમીન ધરાવતા ન હોય તો ભાડાની જમીનમાં ઓછામાં ઓછા પાંચ (૫) વર્ષના ભાડા કરાર (કેટલ શેડ, ૧૦૦ બ્રોઇલર પક્ષી યુનિટ માટે)
- પોતાની માલિકીની જમીન ના (૭-૧૨ અને ૮-અ) અથવા એક વર્ષ કે તેથી વધુ સમય માટે ભાડા પેટ્ટે લીધેલ જમીનના આધાર (બિયારણ મીની કીટ માટે)
- હળપતિ સમાજ અને FRA પટ્ટા ધારક કુટુંબ પૈકી કુટુંબના એક સભ્ય જે તે વર્ષે યોજના ના ત્રણ યુનિટ પૈકી કોઇ એક યુનિટ માટે સહાય મેળવી શકશે. કોઇ એક યુનિટ માટે આજીવન એક વાર લાભ મળવાપાત્ર રહેશે.



# વિધવા બહેનો માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજના

## હેતુ

રાજ્યની વિધવા બહેનો પશુપાલન થકી આવક મેળવી પોતાની આજીવિકામાં વધારો કરી શકશે.

## લાયકાત

રાજ્યની ૧૮ થી ૫૦ વર્ષ ની વયની વિધવા બહેનો

## યોજનાનો લાભ

યુનિટ-(૧) કેટલ શેડ (₹30,000) + પશુ માટે ખાણ દાણ ૧૫૦ કિગ્રા. (₹૪000)+ બિયારણ મીનીકીટ્સ (₹૯00) = કુલ ₹3૪૯00 સહાય

યુનિટ-(૨) બકરાં એકમ (૫+૧)સ્થાપના સહાય = ₹૫0,૪00 સહાય

યુનિટ-(3) મરઘા પાલન તાલીમ (સ્ટાઇપેન્ડ ₹૨000) તથા ૧00 બ્રોઇલર પક્ષી એકમ ₹3૬,000 સહાય) = કુલ ₹3૮,000 સહાય

## યોજનાની અરજી પદ્ધતિ

યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીએ ઓનલાઇન અથવા સંબંધિત નાયબ/ મદદનીશ પશુપાલન નિયામક – જિલ્લા પંચાયત કચેરી ખાતે ભૌતિક રીતે અરજી કરવાની રહેશે.

## અમલીકરણ સંસ્થા

જિલ્લા પંચાયત અને રાજ્ય કક્ષાની કચેરીઓ



## અન્ય શરતો

- બારકોડેડ રેશન કાર્ડની નકલ (અરજી સાથે રજુ કરવું)

- જન્મ તારીખ સાથેના સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્ર ની નકલ (આધાર કાર્ડ/ મતદાર ઓળખકાર્ડ/ડ્રાઇવીંગ લાઇસન્સ / પાર્સ પોર્ટ)
- બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક
- આધાર કાર્ડની નકલ
- વિધવા અંગેના સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર/પતિના અવસાનનો દાખલો
- પોતાની માલિકીની જમીન ના (૭-૧૨ અને ૮-અ), વારસાઇ હક્ક અથવા ભોગવટાની જમીનના આધાર પુરાવા / જો લાભાર્થી જમીન ધરાવતા ન હોય તો ભાડાની જમીનમાં ઓછામાં ઓછા પાંચ (૫) વર્ષના ભાડા કરાર (કેટલ શેડ, ૧૦૦ બ્રોઇલર પક્ષી યુનિટ માટે)
- પોતાની માલિકીની જમીન ના (૭-૧૨ અને ૮-અ) અથવા એક વર્ષ કે તેથી વધુ સમય માટે ભાડા પેટ્ટે લીધેલ જમીનના આધાર (બિયારણ મીની કીટ માટે જે તે વર્ષે યોજના ના ત્રણ યુનિટ પૈકી કોઇ એક યુનિટ માટે સહાય મેળવી શકશે. યોજનાના જે તે ઘટક / યુનિટ હેઠળ પુન: લાભ મેળવવાની સમયમર્યાદા પાંચ વર્ષની રહેશે.



# "પશુપાલન ખાતું – ગુજરાત રાજ્ય"
# હવે નવા યુગ સાથે જોડાઈ રહ્યું છે!

પશુપાલન ખાતાં દ્વારા પશુપાલન વિષયક તથા યોજનાકીય માહિતી હવે સોશિયલ મીડિયા દ્વારા સીધી રીતે પશુપાલકો સુધી પહોંચાડવામાં આવી રહેલ છે – જેથી ગુજરાતના દરેક ખૂણાના પશુપાલક મિત્રો સુધી સાચી માહિતી સમયસર પહોંચી શકે.

આ નવી પહેલને સફળ બનાવવા માટે આપનો સહયોગ અમૂલ્ય છે.
તમે સૌ પશુપાલન ખાતાના સત્તાવાર સોશિયલ મીડિયા પેજોને ફોલો કરો,
શેર કરો અને અન્ય પશુપાલકોને પણ જોડાવા પ્રેરણા આપો.

આ પશુપાલન ખાતાના સોશિયલ મીડિયા પેજના QR કોડ જેના દ્વારા
આપ પશુપાલન ખાતું, ગુજરાત રાજ્ય સાથે જોડાઈ શકો છો:

Instagram

Facebook

YouTube

Twitter/X

આ એક એવી સફર જેમાં તમારો સાથ વધુમાં વધુ પશુપાલકો સુધી
પશુપાલન ખાતાં દ્વારા આપવામાં આવતી માહિતી વધુ દૃઢ અને વ્યાપક બનાવશે.

ચાલો સાથે મળીને, પશુપાલકોને સશક્ત બનાવીએ અને
ગુજરાતના વિકાસમાં મોટું યોગદાન આપીએ.

**હાર્દિક આભાર અને શુભેચ્છાઓ.**

DEPARTMENT OF ANIMAL HUSBANDRY
પશુપાલન ખાતું ગુજરાત રાજ્ય

**પશુપાલન ખાતું,** ગુજરાત રાજ્ય





સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

DEPARTMENT OF ANIMAL HUSBANDRY
પશુપાલન ખાતુ ગુજરાત રાજ્ય

## પશુપાલન ખાતું, ગુજરાત રાજ્ય

સેક્ટર - 10 એ,ચ રોડ, કૃષિ ભવન, ગાંધીનગર